અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતીના
યુવક/યુવતીઓને કલા/કૌસલ્યની તાલીમ બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૨/ન.બા.-૫૫/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૩/૦૪/૨૦૧૨

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતીઓ આધુનિક યુગમાં પરિવર્તનશિલ સમયની સાથે કદમ મિલાવી શકે તથા તેમનામાં ક્રિયેટીવીટી અને ટેલેન્ટનો વિકાસ થાય તથા મોજશોખ અને મનોરંજનની દુનિયામાં ટેલીવીઝન ફિલ્મ, સીરીયલ, ડ્રામા વગેરેમાં ભાગ ભજવી તે ક્ષ.ત્રમાં રહેલ વિપુલ રોજગારીની તકો મેળવી શકે તે માટેની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ચાલુ નાણાકીય વર્ષમાં અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતીઓના લોકોને તજજ્ઞ સમિતી ધ્વારા અભ્યાસ કરાવીને એમને પરંપરાગત જીવનશૈલી સાથે સુસંગત અને પ્રવર્તમાન સમય પ્રમાણે કલા કૌશલ્યની ૨૦૦ યુવક/યુવતીઓની તાલીમ માટે વયકિતદીઠ રૂ.૫૦,૦૦૦/- સુધીની સહાય આપવાનું ઠરાવવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ. ૧૦૦.૦૦ લાખની કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ યોજના માટેની શરતો નીચે મુજબ રહેશે.

(૧) અરજદારે આ યોજના હેઠળ એકટીંગ, પ્રોડકશન, એડીટીંગ એનીમેશન જેવી તાલીમ આપતી માન્ય તાલીમ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવાનો રહેશે.

(૨) સંસ્થામાં ચુકવવાપાત્ર ફી ની રકમનું ચુકવણુ જે તે સંસ્થાને અરજદારવતી ચેકથી કરવાનુ રહેશે.

(૩) આ યોજનાનો ખર્ચ તથા અમલ તા.૧-૪-૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૪) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધિન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૫) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

21 APR 2012

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯ર મુખ્ય સદર રરરપ, અનુજાતિઓ,અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૦ર આર્થિક વિકાસ (૧૦) બીસીકે-૩૬- કમ્પ્યુટરની તાલીમ માટે નાણાકીય સહાય બાબત નં.(ર૦) અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના યુવાનોને વંશપરંપરાગત કલા કૌશલ્ય માટે તાલીમ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા. ૯-૪-ર૦૧ર ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

નકલ રવાનાઃ-

- ❖ માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- ❖ માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- ❖ અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- ❖ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- ❖ પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- ❖ સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- ❖ નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- ❖ નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- ❖ સેકશન અધીકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..

સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

x--------x-------x

નં.અજાક/ગ૧/ર/૨૨-૨૩/૨૨૭૬
નિયામક અનુ.જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર
તા. ૨/૫/૧૨

પ્રતિ,
(૧) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (સર્વે)
(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (સર્વે)

૨/ તરફ જાણ તથા યોગ્ય થવા સારૂ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ